


# આહ્‌વાન

A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH

Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.



Email :rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647



વર્ષ - ૪૭ | ફેબ્રુઆરી - ૨૦૨૦ | પત્ર - ૮૫


## આબાદી માટે પ્રાર્થના (૧ કાળ ૪; ૯-૧૦)

ઉપરોક્ત વચનમાં યાબેસની પ્રાર્થના જોવા મળે છે. યાબેસ દેવની આગળ આબાદાની તથા આપત્તિથી બચાવ અને આશીર્વાદ માટે પ્રાર્થના કરે છે. ઈસ્રાએલના દેવને વિનંતી કરે છે. યાબેસ ઈસ્રાએલના દેવમાં વિશ્વાસ કરે છે. જે દેવ કરાર પાળનાર છે. યાબેસ એક બાબત ચોક્કસ જાણે છે કે દેવ વિનંતી સાંભળનાર અને આશીર્વાદ આપનાર છે. જે દેવે ઉત્પત્તિ ૧;૨૮માં આશીર્વાદ આપ્યો છે કે સફળ થાઓ અને વધો. ગીતશાસ્ત્ર ૧૨૧માં દેવ રક્ષણ કરનાર છે. તેમ જણાવવામા આવ્યું છે. યાબેસને આ પ્રમાણેનો વિશ્વાસ છે અને વિશ્વાસથી પ્રાર્થના કરે છે.

યાબેસ ખૂબજ પ્રમાણિકતાથી, ઉત્કંઠા અને આતુરતાથી, આગ્રહથી પ્રાર્થના કરે છે. પ્રાર્થનામાં હૃદય ખોલીને પુરા ભાવથી પ્રાર્થના કરતો જોવા મળે છે. તેના હૃદયની વેદનાથી પ્રાર્થના કરે છે. જેમ ૧ શમૂ ૧;૧૦-૧૧માં હાન્ના દુઃખતા દિલથી પ્રાર્થના કરે છે.

યાબેસની પ્રાર્થના અસરકારક જોવા મળે છે. કારણ કે તેણે જે માગ્યું તે દેવે તેને આપ્યું. માર્ક ૧૧;૨૩-૨૪માં જણાવ્યું છે કે વિશ્વાસથી હૃદયમાં સંદેહ ન રાખતાં જે માગ્યું છે તે પામ્યા છીએ તેવા વિશ્વાસથી માગવું. યાબેસની પ્રાર્થના આવા વિશ્વાસ અને ખાત્રીપૂર્વક કરેલી જોવા મળે છે.

**યાબેસે કઈ બાબતો માટે પ્રાર્થના કરી ?**

- **આશીર્વાદ માટે :** તેણે વિનંતી કરી કે મને ખચીત જ આશીર્વાદ આપે. પ્રભુની કૃપા, દયા અને ભલાઈ તથા ભરપૂરીપણાના આશીર્વાદની પ્રાર્થના કરે છે. આપણે દેવની આગળ નમ્રપણે આશીર્વાદ માટે પ્રાર્થના કરી શકીએ છીએ.
- **વૃદ્ધિ માટે પ્રાર્થના :** તેણે પ્રાર્થના કરી કે મારી સીમા વિસ્તાર. ૨ પીતર ૩:૧૮માં જણાવ્યું છે તે પ્રમાણે દેવની કૃપામાં વધવું. જીવનમાં આપણે આપણા વિશ્વાસની વૃદ્ધિ માટે, દેવની કૃપામાં વધીએ તે માટે પ્રાર્થના કરવી જોઈએ.
- **માર્ગદર્શન અને રક્ષણ માટે પ્રાર્થના :** યાબેસે પ્રાર્થના કરી કે દેવનો હાથ તેની સાથે રહે અને આપત્તિ - દુઃખથી બચાવે. આપણે આપણા વિશ્વાસુ જીવનમાં દરેક બાબતમાં દેવના માર્ગદર્શનનો અને રક્ષણનો સંભાળનો હાથ આપણી સાથે રહે માટે નિત્ય પ્રાર્થના કરવી જોઈએ.

આવો વ્હાલાઓ આપણે યાબેસની જેમ વિશ્વાસ અને ખાત્રીપૂર્વક દેવની આગળ આશીર્વાદ, વૃધ્ધિ અને રક્ષણ, માર્ગદર્શન માટે નિત્ય પ્રાર્થના કરીએ.

## જાન્યુઆરી મહિનામાં થયેલ કાર્યો તરફ દ્દષ્ટિપાત

- તારીખ ૦૧-૦૧-૨૦૨૦ નવા વર્ષની ભજનસેવામાં સર્વએ ઉત્સાહથી ભાગ લીધો. ભજનસેવામાં રેવ. ફિલિપ મેકવાન અને શ્રીમતી સ્ટેલાબેન મેકવાને હાજરી આપી. રેવ. ફિલિપ મેકવાન સાહેબે ખૂબજ અસરકારક અને ઉત્તેજનદાયક વચન આપ્યું.
- ભજનસેવામાં સ્થાનિક કારભારીઓની સેવાની કદર કરતાં ચર્ચ કમિટીના આયોજન - વ્યવસ્થા પ્રમાણે શ્રી આલાપભાઈ જે. માસ્ટર તરફથી સર્વને પર્સ (પાઉચ), ડાયરી, પેન આપવામાં આવ્યા. આ સાથે પાસ્ટોરેટ કમિટી, કારભારીઓ, સેલીબ્રેશન કમિટીને ચર્ચ તરફથી ગુલાબની કલગી આપી સન્માન કરવામાં આવ્યું. સર્વનો પુષ્કળ આભાર.
- ભજનસેવા બાદ ચર્ચ ટેરેસ પર સર્વ એકત્ર મળ્યા અને નવા વર્ષની શુભેચ્છા પાઠવતું બેનર ફુગ્ગા અને પ્રાર્થના સાથે છોડવામાં આવ્યું. ત્યારબાદ સર્વ આનંદથી કેક અને ચ્હાને ન્યાય આપવા જોડાયા.
- તા. ૦૫-૦૧-૨૦૨૦ રવિવારની ભજનસેવાબાદ ઉમરેઠ ડિસ્ટ્રીક્ટ બંગલાની અર્પણવિધિમાં સ્થાનિક કમિટી સભ્યો સાથે હાજરી આપી. માનવંત બિશપ એન.એલ. કરકરે સાહેબે અને મેડમ કમલા કરકરે સાહેબાએ હાજર રહી તેઓના હસ્તે અર્પણ વિધિ કરવામાં આવી. ઉમરેઠ જવા - આવવા માટે શ્રી રાજેશભાઈ ક્રિશ્ચિયન અને શ્રી ઈમાનુએલ ખ્રિસ્તી પોતાના વાહનો લઈને આવ્યા. આભાર.
- તા. ૦૭-૦૧-૨૦૨૦ સાંજના ૩-૦૦ કલાકે એમ.સી.આઈ. ડેની ઉજવણી પ્રસંગે શાલોમ મેથોડિસ્ટ ચર્ચ, રખિયાલમાં કમિટી સભ્યો સાથે હાજરી આપી. માનવંત બિશપ એન.એલ. કરકરે સાહેબે પ્રસંગ અનુસાર સુંદર વચન આપ્યું હતું.
- તા. ૧૨-૦૧-૨૦૨૦ રવિવારની ભજનસેવામાં Financial and Administration Sunday ની ઉજવણી કરવામાં આવી હતી. સ્થાનિક પાળકે વચનની સેવા આપી અને એમ.સી.આઈ. માટે ખાસ પ્રાર્થના કરવામાં આવી હતી. શ્રી આલાપભાઈ જે. માસ્ટર કોન્ફરન્સ લે - લીડર તરફથી આ કમિટી સંબંધી માહિતી આપવામાં આવી હતી.
  ભજનસેવાબાદ સન્ડે - સ્કુલ શિક્ષકો સાથે પ્રાર્થના કરવામાં આવી હતી.
  શ્રીમતી લીનાબેન એ. પેટ્રીક તરફથી દાતા મારફતે સાબુ - શેમ્પુ જરૂરી વસ્તુઓ જરૂરિયાતમંદ માટે આપવામાં આવ્યા હતા. આભાર.
  ભજનસેવા બાદ પાસ્ટોરેટ કમિટી ચલાવવામાં આવી હતી.

- તા. ૧૯-૦૧-૨૦૨૦ રવિવારની ભજનસેવાબાદ સ્થાનિક સન્ડે સ્કુલબોર્ડની મિટીંગ ચલાવી હતી.
- તા. ૨૨-૦૧-૨૦૨૦ ચાંદખેડા વિસ્તાર માનસરોવર એપાર્ટમેન્ટમાં ચોથા બુધવારની પ્રાર્થના સંગતમાં રાત્રે ૮-૦૦ કલાકે મળ્યા હતા.
- તા. ૨૪-૦૧-૨૦૨૦ સાંજે ૮-૦૦ કલાકે ચર્ચમાં પ્રાર્થના મિટીંગમાં મળ્યા હતા.
- તા. ૨૬-૦૧-૨૦૨૦ રવિવારની ભજનસેવામાં 'શિષ્યપણા' સબંધી વચન આપ્યું. ભજનસેવાબાદ પ્રભુ પ્રેમી દાતાઓ દ્વારા સર્વ નાસ્તાને ન્યાય આપવા જોડાયા હતા. સર્વનો આભાર.
- તા. ૨૭-૦૧-૨૦૨૦ના રોજ અમદાવાદ ડિસ્ટ્રીક્ટ ઈસ્ટના મિશન ફિલ્ડ લીંબડીમાં નવા બંધાયેલ પ્રાર્થના ઘર અને પાળક ગૃહની અર્પણ વિધિમાં ડિ.સુ.રેવ. વિજય મેકવાન સાહેબ અને ડિસ્ટ્રીક્ટ પાળકો સાથે હાજરી આપી હતી. માનવંત બિશપ સાહેબના હસ્તે અર્પણ વિધિ કરવામાં આવી હતી.

## પાળક દ્વારા મળેલ બર્થડે અને આભાર સ્તુતિના દાન

| | | | |
|---|---|---|---|
| ૧. | કુ. એનેટ એ. ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦-૦૦ |
| ૨. | શ્રી ડેનીભાઈ એ. હેરી | બર્થડે | ૫૦૦-૦૦ |
| ૩. | શ્રીમતી નિમિષાબેન પી.ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦-૦૦ |
| ૪. | શ્રીમતી અર્પિતાબેન ડી.હેરી | બર્થડે | ૨૦૦-૦૦ |
| ૫. | શ્રી રશ્મિકાંતભાઈ પી. મહિડા | આ.સ્તુતિ | ૫૦૦-૦૦ |
| ૬. | શ્રીમતી ઉર્મિલાબેન આર. સોલંકી | આ.સ્તુતિ | ૫૦૦-૦૦ |
| ૭. | શ્રી અંકુર એસ. સોલોમન | આ.સ્તુતિ | ૫૦૦-૦૦ |
| ૮. | શ્રીમતી લીનાબેન એ. પેટ્રીક | બર્થડે | ૩૦૦-૦૦ |
| ૯. | ચિ. ટ્રીના ડી. હેરી | બર્થ ડે | ૫૦૦-૦૦ |
| ૧૦. | કુ. બ્રિન્ઝા આર. મોદી | બર્થડે | ૧૦૦-૦૦ |
| ૧૧. | શ્રીમતી આઈરીનબેન આર. મોદી | બર્થ ડે | ૧૦૦-૦૦ |
| ૧૨. | કુ. શાલીન એસ. ગામડીયા | આ.સ્તુતિ | ૨૦૦-૦૦ |
| ૧૩. | કુ. જ્યોતિબેન કે. વાઘેલા | બર્થડે | ૨૦૦-૦૦ |
| ૧૪. | મા. એનન એલ. પેલમોર | બર્થડે | ૫૦૦-૦૦ |
| ૧૫. | મા. રીયાન સી. સોલંકી | બર્થડે | ૧૦૦-૦૦ |
| ૧૬. | શ્રીમતી રશ્મિબેન સી. સોલંકી | આ.સ્તુતિ | ૧૦૦-૦૦ |
| ૧૭. | શ્રી અશ્વિનભાઈ બી. પરિખ | આ.સ્તુતિ | ૨૦૦-૦૦ |
| ૧૮. | શ્રી પરેશભાઈ બી. પરીખ | આ.સ્તુતિ | ૨૦૦-૦૦ |
| ૧૯. | શ્રી નિલેષભાઈ બી. પરીખ | આ.સ્તુતિ | ૫૦૦-૦૦ |
| ૨૦. | શ્રી વિકટરભાઈ વી.મેકવાન | બર્થ ડે | ૨૦૦-૦૦ |
| ૨૧. | શ્રીમતી ફેનીબેન એ. ક્રિશ્ચિયન | બર્થ ડે | ૨૦૦-૦૦ |
| ૨૨. | શ્રીમતી કલ્પનાબેન વી. ક્રિસ્ટી | આ.સ્તુતિ | ૨૦૦-૦૦ |

## BIRTHDATE'S IN FEBRUARY

| તારીખ | નામ |
|---|---|
| ૫/૨ | પ્રિયંકા નલીનભાઈ ક્રિશ્ચિયન |
| ૬/૨ | આશાબેન સી. વરસડા |
| ૮/૨ | જેક માયુષભાઈ રાઠોડ |
| ૯/૨ | કેનેથ એફ. ટેલર |
| ૧૧/૨ | મોનીકાબેન એસ.ડેવિડ |
| ૧૧/૨ | સમીરભાઈ એસ. ભાટિયા |
| ૧૩/૨ | દેવદાસભાઈ બી. ક્રિશ્ચિયન |
| ૧૫/૨ | શ્વેતાલી કુણાલ મહિડા (યુ.એસ.એ.) |
| ૧૬/૨ | માયુષભાઈ એ. રાઠોડ |
| ૧૮/૨ | વેલેન્ટીના વી. દાસ |
| ૧૯/૨ | નોએલ એસ. ક્રિસ્ટી |
| ૧૯/૨ | રેની આર. ટેલર |
| ૨૨/૨ | મિલીન્દ આર. કાપડીઆ |
| ૨૨/૨ | પરેશભાઈ બી. પરીખ |
| ૨૩/૨ | જસ્ટીનભાઈ બી. પરીખ |
| ૨૩/૨ | રોઝેમેરી એ. ખ્રિસ્તી |
| ૨૫/૨ | પ્રકૃતિ આશિષ ફ્રેન્ક |
| ૨૫/૨ | કોલીન અનિલભાઈ ક્રિશ્ચિયન |
| ૨૫/૨ | અમીષા નિલેશભાઈ પરીખ |

## ખાસ ભેટ - મદદ

- શ્રી કેનીભાઈ એફ. ટેલર દ્વારા તેમના મિત્ર તરફથી સન્ડે સ્કુલના બાળકોને ક્રિસમસ સમયે ખાસ ભેટ
- શ્રી આલાપભાઈ જે. માસ્ટર તરફથી કારભારીઓ - પાળકને પર્સ - (પાઉચ) પેન, ડાયરી આપેલ છે.
- શ્રીમતી લીનાબેન એ. પેટ્રીક દ્વારા અન્ય દાતા તરફથી જરૂરિયાદમંદને સાબુ - સેમ્પુ વિગેરે આપેલ છે.
- શ્રી રોહિતભાઈ ફ્રાન્સિસ તરફથી પ્રાર્થના વર્ષ નિમિત્તે નંગ - ૨ બેનર બનાવી આપેલ છે.

-સર્વનો આભાર

## જાહેરાત - આગામી કાર્યક્રમ

- દર રવિવારે સવારે ૯-૦૦ કલાકે કુટુંબ સાથે હાજરી આપો.
- દર બીજા રવિવારે ભજનસેવાબાદ પાસ્ટોરેટ કમિટી મળશે.
- દર શુક્રવારે સાંજે ૮-૦૦ કલાકે ચર્ચમાં પ્રાર્થના સંગતમાં હાજરી આપો.
- દર રવિવારે ભજનબેવા બાદ બાળકોએ સન્ડે સ્કુલમાં બેસવુ.
- દર ત્રીજા રવિવારે ભજનસેવાબાદ મહિલા મંડળની સંગત મળશે.
- તા. ૧૬-૦૨-૨૦૨૦ રવિવારની ભજનસેવામાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પરિક્ષા આપનાર વિદ્યાર્થી ભાઈ - બહેનો માટે ખાસ પ્રાર્થના સાથે શુભેચ્છા આપવામાં આવશે. હાજરી આપશો.
- તા. ૨૩-૦૨-૨૦૨૦ રવિવારની ભજનસેવામાં મેડીકલ સન્ડેની ઉજવણી કરવામાં આવશે.
- તા. ૨૬-૦૨-૨૦૨૦ થી રોજ રાત્રે ૮-૦૦ કલાકે ચાળીસ દિવસોની મિટીંગ શરૂ થશે. હાજરી આપશો અને સહકાર આપશો.

## નાણાંકીય અહેવાલ ડિસેમ્બર- ૨૦૧૯

| | | |
|---|---|---|
| તા. ૦૧-૧૨-૧૯ ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૬૮,૭૭૨.૮૮ |
| | બેંકમાં | ૧,૨૪,૧૯૦.૧૫ |
| | આવક | ૩,૫૨,૩૧૪.૦૦ |
| | કુલ | ૫,૪૫,૨૭૭.૦૩ |
| તા.૩૧-૧૨-૧૯ની બંધ સિલક | રોકડ | ૧૩,૫૭૩.૮૮ |
| | બેંક | ૨૦,૬૦૭૪.૧૫ |
| | જાવક | ૩,૨૫,૬૨૯.૦૦ |
| | કુલ | ૫,૪૫,૨૭૭.૦૩ |

શ્રી નલિનભાઈ આર. ક્રિશ્ચિયન, ટ્રેઝરર

આ બુલેટીન છાપવાનો તમામ ખર્ચ પ્રભુ પ્રેમી એક દાતા બહેન તરફથી મળેલ છે.